શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુક

વર્ષ : ૨૧
અંક : ૪

**ભૂખમરાનો અંત આણવો ખાદ્ય સુરક્ષા અને ઉન્નત પોષણક્ષમતાને સિધ્ધ કરવી અને પર્યાવરણને અનુકૂળ કૃષિને પ્રોત્સાહન આપવું.**

**૨.૧** વર્ષ ૨૦૩૦ સુધીમાં તમામ લોકો માટે ભૂખમરાનો અંત આણવો અને બારેમાસ નવજાત શિશુ સહિત વિષમ પરિસ્થિતિમાં રહેતા લોકો, ખાસ કરીને ગરીબો સહિત તમામ લોકોને સુરક્ષિત, પોષણક્ષમ અને પૂરતો આહાર મળે તે સુનિશ્ચિત કરવું.

**૨.૨** વર્ષ ૨૦૩૦ સુધીમાં, કુપોષણના તમામ પ્રકારનો અંત આણવો, વર્ષ ૨૦૨૫ સુધીમાં ૫ વર્ષની વયથી નાના બાળકોમાં ઉંચાઈ તેમજ વજનની તુલનામાં ક્ષીણ વિકાસ થયેલ હોય તેવી બાબતમાં આંતરરાષ્ટ્રીય સ્તરે સંમત થયેલા લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવા, કિશોરી–યુવતી, ગર્ભવતી મહિલાઓ અને સ્તનપાન કરાવતી મહિલાઓ તથા વૃદ્ધ વ્યકિતઓની પોષણની જરૂરિયાતોને પરિપૂર્ણ કરવી.

**૨.૩** વર્ષ ૨૦૩૦ સુધીમાં, કૃષિજન્ય ઉત્પાદકીયતા અને નાના સ્તરના ખાદ્ય ઉત્પાદકો, ખાસ કરીને મહિલાઓ, સ્વદેશી લોકો, પારિવારિક ખેડૂતો, પશુપાલકો અને માછીમારો સહિતની આવક બમણી કરવામાં આવે, જેમાં જમીન તથા અન્ય ઉત્પાદકીય સંસાધનો અને આગત, જ્ઞાન, નાણાકીય સેવાઓ, બજારો અને તકો સુધી મૂલ્યવૃદ્ધિ અને બિન કૃષિ રોજગાર માટે સુરક્ષિત અને સમાન તક પૂરી પડાય.

**૨.૪** વર્ષ ૨૦૩૦ સુધીમાં, સાતત્યપૂર્ણ કૃષિ ઉત્પાદન પ્રક્રિયાને સુનિશ્ચિત કરવી અને પ્રતિરોધક કૃષિ પ્રક્રિયાના અમલથી ઉત્પાદન અને ઉત્પાદકીયતાને વધારી શકાય અને ઈકોસિસ્ટમને જાળવવામાં મદદ મળે, જેનાથી કલાઈમેટ ચેન્જ, વિષમ આબોહવા, દુષ્કાળ, પૂર તથા અન્ય આફતોને પહોંચી વળવા માટેની ક્ષમતા નિર્માણ થાય અને તેના પગલે ઉતરોતર જમીન અને માટીની ગુણવતા સુધારી શકાય.

**૨.૫** વર્ષ ૨૦૨૦ સુધીમાં બીજ, ઉગાડેલા છોડ અને કૃષિઉપયોગી તથા ઘરેલુ પાલતુ પશુઓ, તેમજ તેમની સાથે સંલગ્ન વન્ય જીવો, રાષ્ટ્રીય, પ્રાદેશિક અને વૈવિધ્યસભર બીજ અને છોડના કાંઠાઓની જનીન વૈવિધ્યતા જાળવવી અને આંતરરાષ્ટ્રીય સ્તરે થયેલી સંમતિ અનુસાર જનિનાત્મક સંસાધનો અને સંલગ્ન પરંપરાગત જ્ઞાનના ઉપયોગ દ્વારા ઉદભવનારા લાભોની યોગ્ય અને સમાન વહેંચણી સુધીની પહોંચને પ્રોત્સાહિત કરવી.

**૨.૬** કૃષિ કોમોડિટી બજારો અને તેના ડેરિવેટિવ્સની યોગ્ય કામગીરી સુનિશ્ચિત કરવાં પગલાં ભરવા અને ખાદ્યઅનામતો સહિતની બજારલક્ષી માહિતી સમયસર પૂરી પાડવી, જેથી જોખમી ખાદ્યપદાર્થના ભાવ ફેરફારને નિયંત્રણ કરવામાં મદદ મળી શકે. તમામ સ્વરૂપમાં કૃષિજન્ય નિકાસ સબસીડીના અનુસરણમાં સમાન અસર સાથે તમામ વૈશ્વિક કૃષિ બજારોમાં વ્યાપાર નિયંત્રણો રોકવા.

*– સંદર્ભ : સાતત્યપૂર્ણ વિકાસના ધ્યેયો*

**જયારે તમારે કંઈ કહેવાનું ન હોય ત્યારે સ્મિત તો કરો જ.**

## સજીવ ખેતી

સખત મહેનત, જાગૃતતા, સાહસ અને વિચારોને સમૃદ્ધ કરતા રહેવાનો પુરુસાર્થ સફળતાને પોતાની તરફ આકર્ષે છે. લોકોના સમુહની ચીલાચાલ ઘરેડમાંથી અળગા થઈને અલગ કેડી કંડારવાનાં અભરખા રાખનાર કંઈકને કંઈક કરી દેખાડે છે. વાત કરીએ કૃષિની તો એમાં પણ ખેડુતોનો મોટો સમુહ જે પ્રકારની ચીલા ચાલુ પદ્ધતિ આજના આ ઝડપી બદલાતા અને વિકસતા સમયમાં કારગત નીવડતા નથી. તેથી કંઈક નવા અને ઉપજાવ ઉપાયો કોઈ પ્રયોગશીલ ખેડુત કરે તો તેમાં એ ઘણે અંશે સફળતા મેળવતો હોય છે. આ માટે ખેડુત પાસે સાહસ કરવાની હિંમત અને સખત મહેનતથી કંઈક કરી દેખાડવાની ધગશ હોવી જોઈએ. અહીં એવા જ એક ખેડુતની વાત છે કે જેણે પોતાના બલબુતા ઉપર પોતાની ખેતીને સમુદ્ધ બનાવી છે.

ગીર સોમનાથ જીલ્લાના ઉના તાલુકાના ભાડીયાદર ગામના ખંતિલા ખેડુત સોલંકી ગોલણભાઈ ધીરૂભાઈની આ વાત ખુબ જ રસપ્રદ છે. તેઓ કપાસ, મગફળી, શાકભાજી અને બાગાયતી ખેતી કરી રહ્યા છે. તેમની પાસે ૧૮ વીઘા જમીન છે. આ ખેડુતનો અભ્યાસ ધોરણ ૧૦ સુધીનો છે.

**૧. તમારા ખેતરમાં કયા પાકનું વાવેતર કરો છો ?**

૧૦ વીઘાની અંદર કપાસનું વાવેતર કર્યુ હતું. બાકીના ૨ વીઘામાં આ વર્ષે લીંબુનું વાવેતર કર્યુ છે. અને એમની અંદર દુધીનું પણ વાવેતર કર્યુ હતું. બાકી ૬ વીઘામાં મગફળીનું વાવેતર કર્યુ હતું.

**૨. સજીવ ખેતી તરફ વળવાનું કારણ શું ?**

સજીવખેતી કરવાથી જમીનમાં જે તત્વો ઘટે છે. તે સજીવખેતીથી પૂર્ણ થાય છે. જયારે રાસાયણિક ખાતર કે દવા વાપરવાથી ફળદ્રુપતામાં ઘટાડો થાય છે.

**૩. સજીવ ખેતીમાં તમે શાનો પ્રયોગ કર્યો ?**

જૈવિક ખાતર અને દવાઓ વાપરવાનું શરૂ કર્યુ છે અને છાણીયા ખાતર માટે ઘેટાં બકરાના છાણનો ઉપયોગ કર્યો.

**૪. ઘેટાં બકરાના છાણનો ઉપયોગ કયા પાકમાં કર્યો હતો ?**

ઘેટાં બકરાના છાણનો ઉપયોગ કપાસના પાકમાં કર્યો હતો. ૧૦ વીઘાની અંદર ૪ થી ૫ લારી છાણ નાખીયું હતું.

**૫. સજીવખેતી કરવાની માહિતી કયાથી મળી ?**

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા ચાલતાં કાર્યક્રમમાં કરવામાં આવતી તાલીમ અને મીટીંગમાં સજીવખેતીની વાત કરવામાં આવતી પરંતુ મારી આગળ બે બળદ હોવાથી તેમનાં છાણમાંથી પુરા ખેતરમાં થઈ શકે તેટલું છાણ પુરતું છાણ હતું નહિં. તેથી મે ખેતરમાં ઘેંટા અને બકરા બેસાડવાનું નક્કી કર્યું.

**૬. તમે ઘેટાં બકરાંના છાણને કેવી રીતે એકઠું કરી ખાતરનો ઉપયોગ કરો છો?**

અમારા ગામની અંદર એક રબારી આગળ ૭૦ થી ૭૫ ઘેટાં બકરાં છે. તેમને મે મારા ખેતરમા બેસાડવાની વાત કરી. તેમણે હા પાડી જેથી મે ઘેટાં બકરાં બેસાડવા એક વાડો કર્યો. તેમની આજુબાજુ ઝાળી બાંધવામાં આવી. રબારી તેમના ઘેટાં બકરાને આ વાડામાં પુરી રાત રાખવામાં આવે છે. જેથી કરીને પુરી રાત તેમનું છાણ આમાં ભેગું થાય છે. અને દિવસે પણ ખેતરમાં જ ચરે છે તેથી દિવસે પણ ખેતરમાં જ છાણ રહે. જે રાત્રે લીંડી અને મુત્ર ભેગું થાય છે. તેમની ઉપર માટી નાંખવામાં આવે છે.

**૭. કેટલા સમય આ પ્રક્રિયા ચાલુ રહે છે?**

ઘેટાં બકરા બેસાડવાની પ્રક્રિયા ૬ મહિના ચાલુ રહે છે.

***શાંત સ્વભાવ હંમેશા સાચું અને સારું વિચારે છે.***

અંદાજે કેટલું ખાતર એકઠું થાય છે?

૪ થી ૫ લારી છાણીયું ખાતર એકઠું થાય છે.

**૮. છાણીયું ખાતર નાખીયા પહેલાં અને પછી કપાસમાં કોઈ સ્પષ્ટ તફાવત દેખાય છે?**

હા, પહેલાં વીઘામાં ૧૫ મણ કપાસ ઉતારો આવતો આજે ૨૫ મણનો ઉતારો આવે છે.

**૯. આ સિવાયનું કંઈ કપાસમાં નવીનતમ પ્રયોગ કર્યો છે ?**

હા, કપાસની અંદર ટપક પદ્ધતિનો ઉપયોગ કરુ છું. જેથી કરીને નીંદણનો ખર્ચ બચે છે. ૧ કલાકમાં સંપૂર્ણ પિયત થઈ જાય છે. ટપક દ્વારા ખાતર તેમા સાથે આપવાથી ઓછા ખાતરની જરૂર પડે છે.

**૧૦. તમે લીંબુડી ઉપરાંત દુધીની પણ ખેતી કરી છે ? તો તેમના વિશે માહિતી આપશો.**

૨ વીઘામાં લીંબુડીનું આ વર્ષે વાવેતર કર્યુ છે. તેમની અંદર દુધીનું પણ વાવેતર કર્યુ હતું. જેમાં અવનીનું બિયારણ વાવ્યુ હતું અને છાણીયુ ખાતર નાખવામાં આવ્યુ હતુ બિયારણ અને દવાનો ખર્ચ બાદ કરતાં ૧ લાખ રૂપિયાનો નફો થયો હતો.

**ગોલણભાઈની ઉપર મુજબની રસપ્રદ વાતો ખરેખર અન્ય ખેડૂતો માટે પ્રેરણાદાયી છે. ઘણાં ખેડૂતો ખેતી વ્યવસાયને ખોટ કરતુ એકમ ગણે છે પણ આ ગોલણભાઈની ઉપરોક્ત બાબતો તમામ ખેડુતોને પ્રોત્સાહિત કરે છે.**



***કામ કરવાવાળાની કદર કરો, કાન ભરવા વાળાની નહી.***

## લર્નીંગ એન્રીચમેન્ટ પ્રોગ્રામ મંથલી મીટીંગ

એલઈપી ટીમ મીટીંગમાં શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના ડાયરેકટર શ્રી ધીરૂભાઈ વાગડીયા, એલઈપીના પ્રોગ્રામ કોડીનેટર શ્રી ગોરધનભાઈ વાઘેલા તથા એઈપીના એજયુકેશન ફેસીલીટેટર એ હાજરી આપી હતી. મીટીંગની શરૂઆત ટ્રેનિંગમાં શું શીખવા મળ્યું અથવા શું સમજયા તેના પર સંવાદ થયો હતો. શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના ડાયરેકટર ધીરૂભાઈ વાગડિયાએ અગાઉ લીધેલી ત્રણ દિવસીય તાલીમમાં ટીમમાં એલઈપીના કામ પ્રત્યે કેટલી જાણકારી મળી છે તે એલઈપીના એજયુકેશન ફેસીલીટેટર પાસેથી જાણવાનો પ્રયાસ કર્યો, ટીમમાં મહદઅંશે સમજ બની છે તેમના પ્રતિભાવ દ્વારા જાણવા મળ્યું.

એપ્રિલમાં કામના પ્લાનિંગ વિશે એલઈપી પ્રોજેકટ કોર્ડીનેટર ગોરધનભાઈ વાઘેલા એ એપ્રિલની કામગીરીના એજન્ડા રજુ કર્યા. જેમાં સ્ટેકહોલ્ડર કન્સલ્ટેશન, કોમ્યુનીટી મોબીલાઈઝેશન અને પેરેન્ટ મીટીંગ વિશે વાત કરી. ધીરૂભાઈ વાગડીયાએ સ્ટેકહોલ્ડર વિશે વિશેષ સમજાવતા કહયું કે એસએમસી, પીઆરઆઈ મેમ્બર, આંગણવાડી કાર્યકર્તા, હેલ્થ કેન્દ્રના કાર્યકર્તા, સ્થાનિક તમામ સતામંડળ અને શિક્ષકો સહિત તમામ હિતધારકો સાથે આ કાર્યક્રમને અનુરૂપ કન્સલ્ટેશન કરવાની



**પરિવર્તનથી ડરશો તો પ્રગતિ કેવી રીતે કરશો ?**

કાર્યવાહી સમજવામાં આવી હતી. લર્નિંગ મટીર્યલ્સ કેવા પ્રકારના હોવા જોઈએ, જેથી બાળકો સરળતાથી સમજી અને શીખી શકે તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. કાર્યકર્તાઓની સમજ બને તે માટે સરળ અને સહજ રીતે વીકલી પ્લાન બનાવવું તે દર્શાવ્યુ હતુ.

એજયુકેશન ફેસીલીટેટર રોનિતા રામાણીએ આખા વર્ષની કામગીરી જણાવી જેમાં ફેબ્રુઆરીથી લઈને જાન્યુઆરીની તમામ કામગીરીને ટીમની સમજ બની રહે તે માટે રજુ કરવામાં આવી. જેમકે મહિના પ્રમાણે કામગીરી કઈ રીતે કરવી, બાળકોના બેઈઝલાઈન ટેસ્ટ કઈ રીતે લેશું, એજયુકેશન ફેસીલીટેટર બાળકો સાથે કેવું વર્તન રાખવું, બાળકોને નડતરરૂપ મુશ્કેલીઓ વાલી સાથે મળીને કઈ રીતે હલ કરી શકાય તે તમામ માહિતી આપી.

મે મહિનામાં પાયલોટીંગ ઓફ ટૂલસ વિશે માહિતગાર કર્યા. બાળકોને સરળતાથી રમત દ્વારા કઈ રીતે શીખવી શકાય તે માટે નવા ટીએલએમ બનાવવાની જવાબદારી પૂરી ટીમ કરશે તેવી સંમતિ બની જેમાં આપણે એલઈપી કલાસ બીજા વર્ગ કરતા અનોખો લાગે અને બાળકોને આપણા એલઈપી વર્ગમાં આવવું ગમે તે હેતુ સચવાઈ રહે તેને ધ્યાનમાં રાખી આપણે શૈક્ષણિક સામગ્રી તૈયાર કરીશું તેમ નક્કી કરી મીટીંગ પુર્ણ કરવામાં આવી. મીટીંગ બાદ પુરી ટીમે ત્રણેય ગામોની મુલાકાત કરી.




**જીંદગી નાની નથી, લોકો જીવવાનું જ મોડું શરૂ કરે છે.**

**પાક વિમો :**

ખેતીને એક જોખમ ભર્યો વ્યવસાય ગણવામાં આવે છે. ખેતીમાં રહેલું જોખમ પાક વીમા દ્વારા મહદ અંશે ઓછું કરી શકાય છે. અતિવૃદ્ધિ, દુકાળ તેમજ અન્ય આફતોમાં ખેડૂતોને આર્થિક નુકસાન થયું હોય છે. પાક વીમા દ્વારા આ નુકસાનની સામે રક્ષણ મેળવી શકાય છે. ઉપરાંત ખેડૂતોએ ખેતીના ખર્ચ અને ખેતી સંબંધિત ખર્ચની નોંધ અવશ્ય રાખવી જેથી ખર્ચના વિશ્લેષણથી ખેતીમાં થતાં બિનજરૂરી ખર્ચા ઓછા કરી શકાય અને નફો વધારી શકાય. આ યોજના અંર્તગત ખેડૂત ધિરાણ/લોન લીધેલી ન હોય અથવા લોન લેવા માંગતા ન હોય તેવા ખેડૂતો માત્ર પોતાના ખેતરમાં વાવેલ પાકનું પ્રીમીયમ ભરી અને ખેતરને વિમાપાત્ર બનાવી શકે છે. જેના માટે બેન્કમાં ખાતું હોવું ફરજીયાત છે કારણ કે, પાક વિમાની અરજી ઓનલાઈન કર્યા પછી બેન્કમાં એક કોપી આપી અને પાકી રસીદ મેળવી લેવી. જો કોઈ કારણોસર વિમો મળવાપાત્ર થાય તો તમારા બેન્કમાં રૂપિયા જમા થઈ શકે. આ યોજના અંર્તગત ઓનલાઈન અરજી કરવી ફરજીયાત છે. જેથી ખેડૂતોએ આ બાબતની કાળજી લેવી. એક ખાતેદારને વધુમાં વધુ ત્રણ લાખ સુધી કોઈપણ પ્રકારનું વ્યાજ લાગતું નથી. જેથી ત્રણ લાખ સુધીની લોન ખેડૂતોએ લેવી. વધુ વિગત માટે સંપર્ક કરો. **૯૭૨૫૫ ૯૮૦૩૯**

**બિયારણ ખરીદતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ :**

૧. બિયારણના પેકિંગ ઉપર બીજ પ્રમાણનું એજન્સીનું લેબલ તપાસીને પછી જ ખરીદી કરવી.

૨. બિયારણના પેકિંગ ઉપર ઉત્પાદક કોણ છે તે તપાસીને જ ખરીદી કરવી.

૩. બિયારણ ખરીદતી વખતે પેકિંગ ઉપર બીજના ઉગવાના ટકા તેમજ તે કઈ સાલનું ઉત્પાદન છે તે પણ દર્શાવેલ હોય છે. તે જોઈ ચકાસણી કરીને જ ખરીદવું.

૪. સુધારેલ સંકર જાતોનું બીજ હંમેશા ગુજરાત રાજય બીજ નિગમ/ગુજરાત રાજય બીજ નિગમના માન્ય ડીલર/કૃષિ યુનિવર્સિટી પાસેથી જ ખરીદવું.

૫. વાવેતર માટે કૃષિ યુનિવર્સિટી અને ખેતીવાડી ખાતાએ ભલામણ કરેલ સુધારેલ/સંકર જાતોનું જ બીજ ખરીદવું.

૬. સુધારેલ જાતોના બીજ ખેડૂત પોતે જ કાળજી રાખીને તૈયાર કરી શકે છે, તેથી દર વર્ષે સુધારેલ જાતોનું બિયારણ ખરીદવાની જરૂર રહેતી નથી.

૭. સંકર જાતોના બિયારણો દર વર્ષે નવા ખરીદવા પડતા હોય છે. આથી ખેડૂત તેમના ખેતર પર વાવવામાં આવેલ આવા સંકર પાકોના બીજનો ઉપયોગ બીજે વર્ષે કરે એ હિતાવહ નથી.

***આ દુનિયામાં કંઈ પણ કાયમી નથી, સમસ્યાઓ પણ નહી.***

**૧. લીંબોળીના મીંજનો કસ/અર્ક બનાવવાની રીત :**

ઉનાળામાં લીમડાના ઝાડ પરથી ખરી પડેલી લીંબોળી ભેગી કરી એક મોટા ડ્રમમાં પાણીમાં ૨ થી ૩ દિવસ પલાળી રાખો. ત્યારબાદ ખુલ્લી જગ્યામાં આ લીંબોળીઓ પાથરી અને તેને કાથીના ડૂચાની મદદથી ઘસી તેના ઉપરના છોડા દૂર કરો. ત્યારબાદ લીંબોળીના બી ભેગા કરી લો અને છાંયડામાં ત્રણ ચાર દિવસ સૂકવી બીજને કંતાનના કોથળામાં સંગ્રહી રાખો.

જરૂરિયાત મુજબ લીંબોળીના બીમાંથી ખાંડણિયા અને સૂપડાની મદદથી ભૂખરા રંગની મીંજને અલગ પાડો. ૧૦૦ લિટરનું પ્રવાહી મિશ્રણ બનાવવું હોય તો આવી ૫ કિ.ગ્રા. મીંજ જરૂર પડે. મીંજનો બારીક ભૂકો બનાવો. મીંજના ભૂકાના ૧–૧ કિ.ગ્રા. ના ૫ ભાગ પાડી દરેક ભાગને મલમલ કાપડની પોટલીમાં બાંધી ૨ થી ૩ કલાક સુધી ૫ લિટર પાણી ભરેલી ડોલમાં પલાળી રાખો.

આ પોટલીમાં ઓછામાં ઓછું ૫ થી ૬ વાર હાથથી મસળવાથી મીંજનો કસ પાણીમાં આવી જશે અને દ્રાવણ દૂધિયા રંગનું બનશે.

આ દ્રાવણમાં બીજું વધારાનું પાણી ઉમેરી કુલ ૨૦ લિટરનો જથ્થો બનાવો. ત્યારબાદ આ દ્રાવણમાં ૨૦ ગ્રામ સાબુની ભૂકી કે કોઈ પણ ધોવાનો ડિટરજન્ટ પાવડર ઉમેરો આ રીતે ૫ કિ.ગ્રા. મીંજમાંથી ૧૦૦ લિટર પ્રવાહીનો કસ તૈયાર થશે જે ૫ % નો હશે જેને સીધો જ પાક ઉપર છાંટી શકાશે.

**સાવચેતી :**

દ્રાવણ તૈયાર કરતી વખતે અને કર્યા બાદ કદી ઉકાળવું નહી. હંમેશા તાજા દ્રાવણનો જ આગ્રહ રાખવો. સામાન્ય રીતે ૧ હેકટરના વિસ્તારના છંટકાવ માટે ૪૦૦ કે ૫૦૦ લિટર પાણીની જરૂર પડતી હોય છે.

**કંઈ જીવાત સામે ઉપયોગ કરી શકાય :**

બધા જ પ્રકારની પાન ખાનર ઈયળો અને ચૂસીયાં પ્રકારની જીવાતો જેવી કે, મોલો–મશી, તડતિડયા, સફેદ માખી, થ્રિપ્સ, પાન કથીરી વગેરે માટે આ પ્રવાહી મિશ્રણનો છંટકાવ કરવો.

**૨. જીવામૃત બનાવવાની રીત :**

૧૦ કિ.ગ્રા. ગાયનું તાજુ છાણ, ૧૦ લીટર ગૌ મૂત્ર, ૨ કિ.ગ્રા. ગોળ, ૨ કિ.ગ્રા. કઠોળના દાણાનો લોટ, ૧ કિ.ગ્રા. જંગલની જીવંત (સજીવ) માટી, ૨૦૦ લીટર પાણીમાં ભેળવીને ૫ થી ૭ દિવસ સડવા દો નિયમિત પણે આ મિશ્રણને દિવસમાં ઘડીયાળના કાંટાની દિશામાં બે થી ત્રણ વાર હલાવતા રહેવું ત્યારબાદ એક એકર વિસ્તારમાં પિયતના પાણી સાથે ૦૦, ૨૦, ૪૦ અને ૬૦ દિવસે આપવું.

**સંકલન : નરેન્દ્ર પોકિયા**

***અભિમાની વ્યકિત સંબંધ બાંધી લેશે પણ ટકાવી નહીં શકે.***

**Happy Birthday**

| | |
|---|---|
| Pankaj Sarvaiya | 04.05.1993 |
| Pushpa Gohil | 08.05.1968 |
| Jasu Kadotra | 12.05.1995 |
| Nayan Gandhi | 15.05.1965 |
| Jay Sankhat | 19.05.1995 |
| Pankaj Parmar | 28.05.1995 |

**In this month**

| | |
|---|---|
| 2 | LEP team orientation at Kovaya. |
| 5 | Plan on agri intervention with CSPC & cotton connect for documantation at Ahemedabad. |
| 17 | Planning meeting with CSPC at Talaja. |
| 17 | Field visit at Kovaya, Bherai, Bhakodar and Timbi. |
| 29-4 | Project Raise training workshop from Pune. |

**પ્રિય વાચક મિત્રો,**

ટપક તેમજ સંસ્થાકીય પ્રવૃતિઓ માટે આપ સહયોગ રાશી મોકલી શકો છો. આ રકમ ચેક અથવા ડ્રાફ્ટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે.આપની આસપાણ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો.

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**આળસું માણસ હંમેશા દેવાદાર અને બીજાને ભારરૂપ હોય છે.**